# રામમય કળશ  શોભાયાત્રા

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ભારતીય શિક્ષણ મંડળના સંયુક્ત ઉપક્રમે રામમય કળશ યાત્રા તા.20/01/2024ના રોજ યુનિવર્સિટીના પરિસરમાં કાઢવામાં આવી હતી. સદર કાર્યક્રમનો આયોજન સમ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષ્યમાં અયોધ્યાથી આવેલ અક્ષત કળશની શોભાયાત્રા માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ કરવામાં આવેલ. યુનિવર્સિટીના પ્રાંગણમાં અક્ષત કળશ લઈને ભારતીય શિક્ષણ મંડળના વરિષ્ઠ કાર્યકર્તાઓનો યુનિવર્સિટીના પરિવારે ભારતીય શાસ્ત્રીય પરંપરા અનુસાર અભિવાદન અને સ્વાગત કરવામાં આવ્યું હતું. સદર કળશ યાત્રા યુનિવર્સિટીના પરિસરમાં શ્રીરામના જયઘોષના નાદ સાથે નીકાળી હતી. સદર યાત્રાના યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ હાજર રહ્યાં હતાં. આ યાત્રામાં સૌ રામમય થઇ ગયા હતાં. કાર્યક્રમના અંતમાં સૌએ સાથે મળીને અક્ષત કળશની પૂજા આરતીના સાથે યાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવી.











